**તા. ૨૯-૧૧-૧૯ના રોજ બિઝનેસ વિમેન વિંગ કમિટિના ઉપક્રમે "Fun, Games and Member's Meet" કાર્યક્રમનું આયોજન**

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બહેનોના સર્વાંગી વિકાસ માટે વિવિધ કાર્યક્રમો, સેમિનાર અને વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે બિઝનેસ વિમેન વિંગ કમિટિ દ્વારા ચેમ્બરની તમામ સભ્ય બહેનોને સાથે રાખીને બહેનોને તેમના ઉદ્યોગો માટે ઉપયોગી થઇ શકે તેવા કાર્યક્રમો કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ માટે સૌ સાથે મળી નેટવર્કીંગ કરી આગામી કાર્યક્રમો નક્કી કરવા માટે તા. ૨૯-૧૧-૧૯ના રોજ બિઝનેસ વિમેન વિંગ કમિટિના ઉપક્રમે "**Fun, Games and Member's Meet**" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ 94.3 MY FM ના RJ Nimisha દ્વારા કો-ઓર્ડીનેશન કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ પ્રસંગે ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ બુચ અને ઉપ-પ્રમુખ શ્રી ભાર્ગવ ઠક્કર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી દુર્ગેશ બુચે સંબોધન કરતાં જણાવ્યું હતું કે બિઝનેસ વિમેન વિંગમાં ઘણા વર્ષોથી અનુભવી બહેનો છે તેમને સાથે રાખી દરેક ઉપયોગી કાર્યક્રમોનું આયોજન કરે અને નવા ઉત્સાહી સભ્યો પણ બનાવે. આમ કરવાથી યુવા વર્ગ આ કમિટિમાં જોડાશે અને નવા બદલાતા સમયની સાથે નવા કાર્યક્રમનું આયોજન પણ થઇ શકશે.

શ્રી ભાર્ગવ ઠક્કરે બહેનોને નેટવર્કીંગ ઉપર ખાસ ભાર મુક્યો હતો. આ પ્રસંગે નવા નિમાયેલા ચેરપર્સન અને કો-ચેરપર્સનનું પુષ્પ-ગુચ્છથી પ્રમુખ અને ઉપ-પ્રમુખ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ચેરપર્સન શ્રીમતી અર્ચના ગુપ્તાએ વર્ષ દરમ્યાન સૌ સભ્યોને સાથે લઇ કાર્યક્રમના આયોજનની વાત કરી હતી અને દરેક બહેનોને બિઝનેસ વિમેન વિંગ કમિટિમાં ઉત્સાહથી જોડાવવા આમંત્રણ આપ્યું હતું.

શ્રીમતી અર્ચનાબેને ચેરપર્સન તરીકે તેમની નિમણૂક કરી જે બહેનોમાં વિશ્વાસ મુક્યો તે માટે ચેમ્બરના હોદ્દેદારશ્રીઓનો આભાર માન્યો હતો.

શ્રીમતી શિલ્પાબેન ભટ્ટે વર્ષ દરમ્યાન દરેક પ્રવૃત્તિમાં સહકાર આપવાની ખાતરી આપી હતી અને કો-ચેરપર્સન તરીકે તેમની નિમણૂક માટે ચેમ્બરના હોદ્દેદારો અને કારોબારી સમિતિના સભ્યોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની હાઇ-ટી દાસ ખમણ વાળાએ સ્પોન્સર કરી હતી જ્યારે ઇવેન્ટ પાર્ટનર સુજલ જ્વેલર્સ હતા અને ગીફટ પાર્ટનર તરીકે શ્રી એસ.એન. ગીફટશોપે સપોન્સરશીપ આપી હતી.